# મહેસાણાનો આંબેડકર બ્રિજ મરણ પથારીયે

મહેસાણાના રામોસણા સર્કલથી માનવ આશ્રમને જોડતા વિસનગર લીંકરોડ ઉપરનો આંબેડકર બ્રિજ મરણ પથારીયે અગાઉ પુલનું નિર્માણ થયું છે તેમ છતાં મોટા ખાડા પરપ્રથમ વરસાદ બાદ પડી ગયા છે. અને કેટલીક જગ્યાએ તો પુલની મજબૂતાઈ માટે તાજેતર માં હજુ મેઘ મહેર થઈ નથી ગણતરી ના બે ઇંચ વરસાદ માં આંબેડકર પુલની આજુબાજુ રહેણાંક વિસ્તાર ના લોકો આ પુલ સ્થિતિ ખરાબ થવા થી તેનું રીપેરીંગ શરુ કરવા માં આવ્યું છે જ્યારે મરણપથારીયે આવી ગયેલા આ બ્રીજ મહેસાણામાં ભારે વિનાશ સ્થાનિકએ જણાવ્યું હતું મહેસાણા વિસનગર લીંક રોડ ઉપરનો આંબેડકર ઓવર બ્રીજમાં કરોડો રૂપિયા દબાઈ ગયા હોવાનું





પડ્યો છે. આ બ્રિજ ઉપરથી પસાર થતા વાહન ચાલકો રોડની હાલત જોઈ માર્ગ-મકાન વિભાગની કામગીરી સામે આંગળી ચિંધી રહ્યા છે. એકાદ-બે વરસાદના ઝાપટામાં આંબેડ્કર બ્રિજ હાડપિંજર સમું બની બેઠું છે. આથી વાહનચાલકો ઉપર ભારે વિનાશ સર્જાવાની શક્યતાઓ રહેલી છે.

વિસનગર લીંક રોડ ઉપરનો આંબેડકર બ્રીજ માર્ગ-મકાન વિભાગની જવાબદારી હેઠળ નિર્માણ પામ્યો છે. અંદાજિત ૩ વર્ષ જરૂરી ખીલાસળી બહાર આવી ગયેલી જોવા મળી રહી છે. આવી સ્થિતિમાં અહીંથી દૈનિક હજારો વાહન ચાલકો અને લોડીંગ વાહનો પણ પસાર થતા હોય છે. ત્યારે પુલની ગુણવત્તા જોતાં ક્યાં સુધી ભાર ખમી શકશે તેવા પ્રશ્ન હાલ માં સ્થાનિકો કરી રહ્યા છે અને રહી જતું હોય તેમ આ કથિત પુલ માં મસ મોટું કૌભાંડ બહાર આવે તેવી શક્યતા સ્થાનિક વાહન ચાલકો એ વ્યક્ત કરી છે ઈશાન ભાઈ પટેલ સ્થાનિક એ જણાવ્યું હતું મહેસાણા નો ઉપયોગ કરે છે શહેરીજનો પુલ નીચેથી પોતાની દૈનિક કામગીરી માટે પસાર થતા હોય છે.

જ્યારે બાળકો અને વિદ્યાર્થીઓ પુલની નીચે રમતા રહે છે. આશરે ૪૦૦ મીટર સુધી બનેલા આંબેડકર બ્રીજ નીચે રેલવે લાઈન પસાર થઈ રહી છે. આથી પ્રતિદિન પસાર થતી અનેક રેલવેના મુસાફરો માટે પણ આ પુલ હાલ માં જોખમી બન્યો છે એક તરફ હાલ માં ચાલુ વસાદ બાદ ઉઘાડ નીકળતા ની સાથેજ પુલ ની સર્જે તે પહેલા જવાબદાર તંત્રએ ધ્યાન આપવું જરૂરી બન્યું છે.આંબેડકર બ્રિજ ઉપર રોડની બિસ્માર હાલત થઈ જતા ચોમાસા દરમ્યાન ખાડાઓમાં પાણી ભરાઇ જવાથી ખાડો ના દેખાતો હોવાથી કેટલાય વાહનચાલકો ખાડામાં પટકાઇ જાય છે જેથી તેઓને ઈજાઓ પણ થાય છે.જેને લઈ ને હાલ માં આ પુલ પરથી લોડિંગ વાહન અને અન્ય વાહન ને જોતા ભારે ટ્રાફિક જામ ના દ્રષ્ય સર્જાઈ જાય છે તેમ દિપક ભાઈ બારોટ શહેરીજનોમાં ચર્ચાઈ રહ્યું છે. કેટલાક વર્ષમાં પુલનો રોડ ધોવાય તે તો સમજ્યા પરંતુ ખાડા પડી ગયા છે.અને ખીલાસળી બહાર આવી જવા પામી છે. જેથી પુલની ગુણવત્તા જોતાં ભ્રષ્ટાચાર થયો હોવાનું લોકો કહી રહ્યા છે.અને રહી જતું હોય તેમ સ્થાનિક તંત્ર આ બ્રિજ મામલે રેલવે આર.એન્ડ બી ને અને રેલવે ના અધિકારી સ્થાનિક આર.એન્ડાબી ને ખો ખો આપી રહ્યા છે અને આ સમગ્ર મુદ્દે કહી પણ કહેવા ત્યાર નથી.

# ધાનેરાના વોરવાસમાંથી ૩૨૦૦ના મૂલ્યની બનાવટી નોટો ઝડપાઈ

**બનાસકાંઠાના ધાનેરા વોરવાસમાંથી એક શખ્સ પાસેથી એલસીબી પોલીસે રૂ.૩૨૦૦ની બનાવટી નોટો ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવતા ગુનેગારોમાં ફફડાટ પ્રસરી ગયો છે**

ધાનેરા, તા. ૨

બનાસકાંઠા જિલ્લા પોલીસ વડા પ્રદિવ સેજુળ દ્વારા તમામ પોલીસને ગુનાહીત પ્રવૃતી ડામવા માટે સુચના આપવામાં આવી છે.જેમાં ધાનેરા ઉમીયાનગર સોસાયટીમાં રહેતા જીગ્નેશકુમાર છગનલાલ ઠક્કર બનાવટી ભારતીય ચલણી નોટો રૂ.૨૦૦ના દરની ત્રણ સીરીજની કુલ ૧૬ નોટો રૂ.૩૨૦૦ની બનાવટી હોવાનું જાણતો હોવા છતા રાખી તેને ખરા તરીકે ચલણમાં મુકતો હોવાની એલસીબી પોલીસને બાતમી મળી હતી.જેથી એલસીબી પીઆઈ પી.એલ.વાઘેલાએ પોલીસ સ્ટાફ સાથે વોચ ગોઠવી હતી.અને ધાનેરા વોરવાસમાંથી જીગ્નેશ ઠક્કરને ઝડપી ધાનેરા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોધાવી હતી.આ નોટો ક્યાથી લાવ્યો અને નોટોનું છાપકામ ક્યા થયુ તે બાબતે એલસીબી પીઆઈ પી.એલ.વાઘેલા જીણવટ ભરી તપાસ હાથ ધરી છે.

# પંજાબ નેશનલ બેંકની આડોડાઈથી વિદેશ તબીબનો અભ્યાસ કરવા જનાર વિદ્યાર્થી ફસાયો

મોડાસા, તા. ૨

મોડાસાની પંજાબ નેશનલ બેંક માંથી લોન લઈ ઉચ્ચ અભ્યાસ અર્થે ફિલિપાઈન્સ જનાર મનન સરકાર વિદ્યાર્થીઓના અભ્યાસ માટે બેંકમાંથી લોન આપી મદદરૂપ થવાના વાયદાઓ કરવામાં આવે છે, પણ કેટલીક બેંકો



દેવકર અને તેનો પરિવાર બેંકના તખઘલી નિર્ણય અને આડોડાઈથી વિદ્યાર્થી અને પરિવાર ભારે વિમાસણમાં મુકાયો છે. પંજાબ નેશનલ બેંકે એજ્યુકેશન લોનનો બીજો હપ્તો આપવાની એકાએક ના પાડી દેતા વિદ્યાર્થી ફિલિપાઈન્સની મેડિકલ કોલેજમાં ફી નહિ ભરી શકતા ફસાવા જેવી સ્થિતિમાં આવી જતા. વિદ્યાર્થીના પિતા વડોદરાથી મોડાસા દોડી આવ્યા હતા અને બેંક મેનેજર આગળ ઉગ્ર રજુઆત કરી હતી.

મોડાસા પંજાબ નેશનલ બેંકમાં દોડી આવેલા વિદ્યાર્થીના પિતા ડૉ. સંતોષ દેવકરે રોષ ઠાલવતા જણાવાયું હતું કે પંજાબ નેશનલ બેંક ફક્ત વિજય માલ્યા અને નીરવ મોદી માટે છે સામાન્ય માણસ માટે નહિ.!!

માત્ર કાગળ પર અમલવારી કરતું હોય તેવું લાગી રહ્યું છે. વડોદરાની



એક ખાનગી સ્કૂલમાં કેમ્પસ ડાયરેક્ટર તેમજ કટાર લેખક ડૉક્ટર સંતોષ દેવરકરને પંજાબ નેશનલ બેંકનો આવો જ કડવો અનુભવ થયો છે. અરજદારે તેમના પુત્રને વિદેશ જવા માટે મોડાસાની પંજાબ નેશનલ બેંક ૧૫ લાખ રૂપિયાની લોન લેવા માટે અરજી કરી હતી, જે અનુસંધાને તેમને લોન મંજૂર થઈ પ્રથમ હપ્તો બે લાખ રૂપિયા તેમના ખાતામાં જમા પણ થઈ ગઈ, પણ ત્યારબાદ વધુ નાણાં આપવાની બેંક દ્વારા ના પાડવામાં આવતા તેમની પર જાણે આભ તૂટી પડવા જેવ સ્થિતિ બની છે. બેંક દ્વારા લોન પેટે વધુ નાણાં ન આપવાનું કારણ આંતરિક કાયદાઓના ફેરફાર હોવાનું જણાવે છે.

બેંકમાંથી લોન મંજૂર થવાથી બેંક દ્વારા અરજદારના ખાતામાં ૨ લાખ રૂપિયા ચુકવાતા તેમના પુત્રને ફિલિપિન્સ અભ્યાસ અર્થે મોકલી દીધો છે. હવે પરિસ્થિતિ એ થઈ છે કે, બેંક દ્વારા બીજી હપ્તા આપવાની ના પડાતા પિતા મુશ્કેલીમાં મુકાઇ ગયા છે. પરિસ્થિતિમાં બેંક દ્વારા કોઈ કાર્યવાહી નહીં કરવામાં આવે તો વિદ્યાર્થીનું ભાવી અંધકારમય થવાની શક્યતાઓ નું નિર્માણ થયું છે.

# ધાનેરા તાલુકામાં વર્ષોથી અધુરા રાજીવ ગાંધી ભવનના કામો ક્યારે પુરા થશે

**પાંચ છ વર્ષ થયા... ગ્રાન્ટો ઉપડી ગઈ...**

**પરંતુ મકાન અધૂરા છે : અધૂરું કામ પૂરું કરવા નાણાં ક્યાંથી લાવીએ : સરપંચ**

વિશ્વમાં ભારત દેશને દરેક પ્રકારે પ્રથમ સ્થાન મેળવવાની દોડ કરી રહ્યા છીએ ત્યારે હાલ ભ્રષ્ટાચાર માં પ્રથમ નંબરે આવેલ જોવા મળી આવે છે નાની થી મોટી બાબતોમાં સરકારી કામોમાં લેવડ- દેવડમાં દરેક પ્રકારે ભ્રષ્ટાચાર સિવાય કોઈ વાત થતી નથી ધાનેરા માં તાલુકા પંચાયતો ના સરકારી કામો માં કરોડો રૂપિયાના ગોટાળા જોવા મળી રહ્યા છે? ધાનેરા તાલુકા માં પંદર ગામો માં રાજીવ ગાંધી ભવન પાસ કરવામાં આવેલ છે પરંતુ સરપંચો તલાટીઓ અને કોન્ટ્રાક્ટરની મિલી ભગત થી



અત્યારે પાંચ સાત વર્ષ થવા આવ્યા છતાં પણ ખંડેર હાલતમાં પડેલા જોવા મળે છે.એક રાજીવ ગાંધી ભવન બનાવવાં પંદર લાખ રૂપિયાની ગ્રાન્ટ મૂકવામાં આવે છે જ્યારે પંદરેક રાજીવ ગાંધી ભવન ની કેટલી કિંમત થઈ ?આવા ભ્રષ્ટાચારી કોન્ટ્રાક્ટરોને ઉપર કેમ કાર્યવાહી થતી નથી આ બાબતે એક જાગૃત નાગરિકે આર ટી આઈ કરી છે પરંતુ તેને આજ સુધી કોઈ માહિતી આપવામાં આવી નથી આમ માહિતી એક્ટના પણ ધજિયા ઉડી રહ્યા છે જાગૃત નાગરિક દ્વારા અરજી પણ કરવામાં આવેલ છે ત્યારે ઉપરના અધિકારીના દબાણથી નોટિસો આપવામાં આવી છે દરેક તલાટીને સરપંચની નોટિસ આપવા આવી છે કે આ કામ તાત્કાલિક ધોરણે ચાલુ કરો પરંતુ પ્રશ્ન એ ઊભો થયો છે કે તલાટીઓ બદલાઈ ગયા છે? સરપંચો નવા આવી ગયા છે ? તો પૈસા લાવવા ક્યાંથી? અમારી પાસે પૈસા નથી અમે કયાં થી લાવીને કામ શરૂ કરી એ તેવુ જાણવા મળેલ છે .તો આ બાબતે કલેકટર શ્રી તેમજ ડી.ડી.ઓ સાહેબ જૂના સરપંચો અને તલાટીને નોટીસ આપી કામગીરી શરૂ કરવા હુકમ કરશે. કલેકટર શ્રી તેમજ ઉચ્ચ અધિકારી ઓ કોન્ટ્રાક્ટર, તલાટી અને સરપંચને ઉપર કાયદેસરની કાર્યવાહી કરે અને અધુરા કામ ચાલુ કરાવે તેવી લોકોની માંગ છે.

# ધનસુરા પોલીસે જિલ્લા કલેક્ટરના જાહેરનામાનો ભંગ કરનાર ટ્રકોને અટકાવી પરત મોકલતા ટ્રાફિકજામ

ધનસુરા, તા. ૨

ધનસુરા પોલીસે કલેકટરના આવેદનને ધ્યાનમાં રાખીને મોડાસાથી કપડવંજ જતા ટ્રકોને શીકા પાસે મોડાસા તરફ પાછી વાળવામા આવતા ટ્રાફિકજામથી વાગ્યાથી રાત્રીના ૧૧ વાગ્યા સુધી મોડાસા, ધનસુરા, બાયડ, સાઠંબા, કપડવંજ માર્ગ પર પરિવહન કરવું નહીં. જેના પગલે મોડાસા વિભાગની વિવિધ ટ્રાન્સ્પોર્ટ સંસ્થાઓએ આ જાહેરનામામાં





વાહનચાલકોને ભારે હાલાકી પડતા ઉગ્ર રોષ જોવા મળ્યો હતો.

અરવલ્લી જિલ્લા કલેક્ટરે તાજેતરમાં જાહેરનામુ બહાર પાડ્યું હતું. જેમાં દર્શાવ્યું હતું કે ભારે વાહનોએ સવારના ૬ ફેરફાર કરવા જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપ્યું હતું. ધી મોડાસા રોડ ટ્રાન્સપોર્ટ કો.ઓ.સોસાયટી.લી.ના ચેરમેન અબ્દુલ રઝાક ટીંટોઇયાએ જીલ્લા કલેકટર સમક્ષ જીલ્લામાં ટ્રાન્સપોર્ટના ધંધાર્થીઓને ન્યાય આપવા માંગ કરી હતી. અરવલ્લી જિલ્લા કલેકટર એમ નાગરાજને થોડાક દિવસ પહેલા જ જાહેરનામું બહાર પાડ્યું હતું છતાં પણ ટ્રકો મોડાસાથી વડોદરા જવા માટે આજ રોડ પર થઈ ને જતી હોય છે ત્યારે આજરોજ આ રોડ પર ટ્રકો આવતા ધનસુરા પોલીસે જાહેરનામાનો અમલ કરવા માટે કાર્યવાહી કરી હતી અને મોડાસા તરફથી આવતી ટ્રકોને પાછા વાળતા ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા. આ અંગે શીકાના ડેપ્યુટી સરપંચ બિંકલબેન પટેલે જણાવ્યું હતું કે આ ટ્રકોને મોડાસાથી જ હાઈવે ઉપર વાળી દેવામાં આવે તો ટ્રક ચાલકોને આટલે સુધીનો ધક્કો ના ખાવો પડે અને સમય અને ઈંધણ નથી બચત થાય.



દર્દીઓમાં ફ્રૂટ વિતરણ - સેવા, સમર્પણ અને શ્રેષ્ઠ આરોગ્ય સેવાઓ બનાસકાંઠા અને તેની આસપાસના જિલ્લાના નાગરિકોને મળી રહે તે માટે કટીબદ્ધ એવા ગલબાભાઈ નાનજીભાઈ પટેલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત પાલનપુર સિવિલ હોસ્પિટલ ખાતે મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના ૬૪માં જન્મદિન નિમિત્તે દર્દીઓમાં ફ્રૂટ વિતરણ કરવામાં આવ્યું હતું.

## સરકારી શાળાઓ મર્જ નહિ કરવા બહુમતીથી ઠરાવ મંજુર

આજે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી ખાતે જિલ્લા પંચાયત ની સાધારણ સભા યોજાઈ હતી જિલ્લા પંચાયત પ્રમુખ પીનાબેન ઠાકોર ,જિલ્લા વિકાસ અધિકારી બી એ શાહ સહિત ભાજપ અને કોંગ્રેસ ના સભ્યો હાજર રહ્યા હતા આજની જિલ્લા પંચાયત ની સભા માં સભ્યો તરફથી ખાસ કોઈ સવાલ કરવામાં આવ્યા ન હતા પરંતુ પ્રમુખ ના અધ્યક્ષ પદે ની સાત જેટલા વિકાસ ના કામો ને બહુમતી ના જોરે મંજુર કરવામાં આવ્યા હતા જેમાં ખાસ કરીને જિલ્લાના શિક્ષણ વિભાગ ના ચેરમેન લક્ષ્મીબને કરેણ એ સભામાં રાજ્ય માં સરકાર દ્વારા સરકરી શાળાઓને મર્જ કરવા માટે સર્વે કામગીરી ચાલી રહી છેજેને લઈને કોંગ્રેસે બહુમતી ના જોરે સખત વિરોધ વ્યક્ત કર્યો હતો અને સરહદી બનાસકાંઠા જિલ્લામાં સરકારી શાળાઓ ને મર્જ નહિ કરવા શાસક પક્ષ કોંગ્રેસે બહુમતી થી ઠરાવ ને મંજૂરી આપવામાં આવી હતી તેમજ જિલ્લા પંચાયત ના સભ્યોને પોતાના મત વિસ્તાર માં સ્ટેમ્પ ડ્યુટી અને અન્ય આવક માંથી ૨૦ લાખ ની વિકાસની ગ્રાન્ટ ફાળવા ના ઠરાવ ને બહુમતી ના જોરે મંજુર કરવામાં આવ્યા હતા.

# અરવલ્લી જિલ્લામાં મેઘરાજાની ઝરમર... ઝરમર... પધરામણી

મોડાસા, તા. ૨

અરવલ્લી જીલ્લામાં મેઘરાજાએ ધીમા પગરવે મંડાણ કરતાં ધરતી પુત્રોએ રાહતનો શ્વાસ લીધો છે. ખેતીને જીવતદાન મળતા અને વાતાવરણમાં ઠંડક કરવો પડ્યો હતો. અરવલ્લી જીલ્લામાં આશરે ૧.૩૧ લાખ હેક્ટરમાં ખડૂતોએ વાવેતર કર્યા પછી વરસાદે હાથતાળી આપતા ધરતીપુત્રોના જીવ પડીકે બંધાયા હતા. સર્વત્ર સ્થળે વરુણદેવને રીઝવવા માટે



પ્રસરતા પ્રજાજનોએ હાશકારો અનુભવ્યો હતો. જીલ્લામાં છેલ્લા પખવાડિયાથી વરસાદે વિરામ લેતા ધરતીપુત્રો ચિંતિત બન્યા હતા. ઉપરવાસમાં વરસાદથી મેશ્વો નદી બે કાંઠે વહેતા લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા. મોડાસા શહેરમાં નીચાણવાળા વિસ્તારો અને બસસ્ટેન્ડ વિસ્તારમાં પાણી ભરતા પ્રજાજનો અને મુસાફરોએ ભારે હાલાકીનો સામનો આસ્થાભેર અનેક પ્રયત્ન કરવામાં આવ્યા હતા, બુધવારે રાત્રિથી મોડાસા સહીત સમગ્ર જીલ્લામાં મેઘરાજાએ ધીમા પગરવે આગમન કર્યું છે. ધીમી ધારે મેઘરાજાનું અવિરતપણે હેત યથાવત રહેતા જમીનમાં ભેજનું પ્રમાણ વધ્યું છે. ધીમીધારે અને ઝાપટાંરૂપી વરસાદથી નદી-નાળામાં પાણી વહેતા થયા હતા.

# સાબરકાંઠામાં મેઘરાજાની પધરામણી સરેરાશ બે થી સાત ઈંચ વરસાદ

**હિંમતનગર - પ્રાંતિજમાં વરસાદ : વિજયનગર અને પોશીના પંથક વરસાદથી વંચિત**

હિંમતનગર, તા. ૨

સાબરકાંઠા જિલ્લામાં મેઘરાજાએ લોકોને ખુબજ લાંબી રાહ જોવડાવ્યા બાદ બુધવારે રાત્રે ઘણા દિવસોથી વરસાદ વિના લોકો અકળાયા હતા અને ખેડૂતોએ વાવેતર કરેલ પાક પણ વરસાદ વિના સુકાતો હતો. ત્યારબાદ જિલ્લામાં બુધવારે રાત્રે વાતાવરણમાં આવેલા અચાનક પલ્ટાની સાથે જિલ્લાના હિંમતનગર, વડાલી, ખેડબ્રહ્મા, પોશીના, ઈડર, વિજયનગર, ૫.૬ ઈંચ વરસાદ નોંધાયો હતો.

હિંમતનગરમાં બુધવારે રાત્રે પડેલા વરસાદને લઈને છાપરીયાના ખડબચીયા વિસ્તારમાં આવેલ





ધમાકેદાર પધરામણી કરતાની સાથે જ વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. જિલ્લામાં છેલ્લા ૨૪ કલાક દરમ્યાન સરેરાશ બે થી સાત ઈંચ વરસાદ વરસ્યો હતો. જોકે આ સમયગાળા દરમ્યાન વિજયનગર અને પોશીના પંથક વરસાદથી વંચિત રહેવા પામ્યો હતો. જોકે જિલ્લામાં સૌથી વધુ વરસાદ વડાલી તાલુકામાં અંદાજે ૭.૫ ઈંચ થતા સીમાડાઓમાં ઠેરઠેર પાણી ભરાઈ ગયા હતા.

સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા અનેક સ્થળે મેઘરાજાને મનાવવા માટે પર્જન્ય યજ્ઞ તથા આહુતિ સહીત રામધુન અને શિવાલયોમાં શિવલીંગને પાણીમાં ડુબાડવાના કાર્યક્રમો પણ યોજાયા હતા. દરમ્યાન હવામાન વિભાગે તા. ૨૬ થી ૨૯ દરમ્યાન ઉત્તર ગુજરાત સહીત સાબરકાંઠામાં ભારેથી અતિભારે વરસાદ પડવાની આગાહી કરી હતી. પરંતુ આ દિવસો દરમ્યાન સંતોષકારક વરસાદ પડવાને બદલે સામાન્ય વરસાદ થયો હતો. બીજી તરફ પ્રાંતિજ, તલોદ પંથકમાં ગાજવીજ સાથે મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી થઈ હતી અને છેલ્લા ૨૪ કલાક દરમ્યાન જિલ્લામાં સૌથી વધુ વરસાદ ખેડબ્રહ્મા તાલુકામાં અંદાજે ૭.૫ ઈંચ વરસાદ ખાબક્યો હતો. જ્યારે સૌથી ઓછો વરસાદ પોશીનામાં ફક્ત બે મીમી પડ્યો હતો. વિજયનગરમાં પણ છ મીમી વરસાદ પડ્યો હતો. દરમ્યાન છેલ્લા ૨૪ કલાકમાં વડાલીમાં ૭.૩, તલોદમાં ૩.૫, પ્રાંતિજમાં .૨૪, હિંમતનગરમાં ૪.૯ જ્યારે ઈડરમાં આવાસ નજીક વરસાદી પાણીનો નિકાલ ન થવાને કારણે કેડસમા પાણી ભરાઈ જતા લોકોને અવરજવર કરવામાં ભારે હાલાકી વેઠવી પડી હતી. ઉપરાંત છાપરીયા વિસ્તારમાં ચારેક દિવસ અગાઉ પડી ગયેલા ભુવાનું નગરપાલિકાએ કરેલા સમારકામ બાદ ફરીથી આજ વિસ્તારમાં દસ મીટરનો ભુવો પડી જતા ગુરૂવારે સવારે અહિથી પસાર થઈ રહેલ માલવાહક ટ્રક ભુવામાં ફસાઈ ગયો હતો જેથી લોકો જોવા માટે ઉમટ્યા હતા.

# ચાંપલાનાર પાસેના વાઘામાં પાણી આવતા ૧૧ પશુના ડુબી જતા મોત

હિંમતનગર, તા. ૨

સાબરકાંઠાના હિંમતનગરના પૂર્વ વિસ્તારમાં બુધવારે રાત્રે પડેલા વરસાદને લીધે તરત જ હિંમતનગર તરફ આવતા નદી નાળામાં વરસાદી પાણીની આવક શરૂ થઈ ગઈ હતી. દરમ્યાન ગાંભોઈ નજીક આવેલ ચાંપલાનાર ગામ પાસેના વાઘામાં રાત્રે ગાંભોઈ અને શામળાજી તથા ભીલોડા પંથકમાં જોરદાર વરસાદ પડતાની સાથે જ નદી નાળા વાઘામાંથી પાણીની આવક શરૂ થઈ ગઈ હતી. જેથી હાથમતી નદીને જોડતા વહેળાઓમાં પાણી આવી જતા પાણીનો ફ્લો વધી ગયો હતો.

જેના પરીણામ સ્વરૂપે હિંમતનગર તાલુકાના ગાંભોઈ નજીક આવેલ ચાંપલાનાર ગામ પાસેથી પસાર થતા વાઘામાં બુધવારે રાત્રે પાણી વહેવા માંડ્યુ હતુ. જેના લીધે વાઘાના વહેણમાં બાંધેલા રાઠોડ દિલીપસિંહ સરદારસિંહની ૩ ભેંસો તથા ૪ વાછરડા, મકવાણા બાબુજીની ૨ ભેંસો તથા એક વાછરડી, મકવાણા લાલાજીની એક ભેંસ અને એક વાછરડી ઉપરાંત વિક્રમસિંહની એક વાછરડી મળી આ તમામ પશુઓ લોખંડની સાંકળ સાથે જમીનમાં રોપેલા લાકડાના ખૂંટ સાથે બાંધેલા હોવાથી તેઓ પાણીની સપાટી પર આવવા તડફડીયા મારતા હોવા છતાં આવી શક્યા ન હતા જેથી આ તમામ ૧૧ પશુઓના પાણીમાં ડુબી જવાને કારણે કરૂણ મોત નિપજ્યા હતા.

તો બીજી તરફ ગામડાઓમાં પશુઓના દૂધની આવક પર નભતા આ પરીવારોના આંગણા પશુઓ વિના ખાલીખમ હોવાને કારણે તેમની હાલત કફોડી બની ગઈ છે. જોકે ચાંપલનાર ગામે ૧૧ પશુઓના થયેલા મોત બાદ હિંમતનગર તાલુકા વિકાસ અધિકારી અરવિંદભાઈ પટેલે ગુરૂવારે ગામના તલાટી અને પંચાયતના પદાધિકારીઓનો સંપર્ક કરી તેમને સહાય મળે તે દિશામાં કાર્યવાહી કરવા ઉચ્ચકક્ષાએ રજુઆત કરવાનું નક્કી કર્યું છે.

## પ્રાંતિજ નગરપાલિકા ખાતે સામાન્ય સભાની બેઠક યોજાઈ

પ્રાંતિજ, તા. ૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે પ્રાંતિજ નગરપાલિકાની સામાન્ય સભાની બેઠક યોજાઈ હતી જેમાં વિવિધ ચર્ચાઓ સાથે પાણીની સમસ્યાનો મુદ્દા સાથે વેરા વસુલાતનો મુદ્દો મોખરે રહ્યો હતો. પ્રાંતિજ નગરપાલિકાના સભાખંડમાં નગરપાલિકાના પ્રમુખ ગીતાબેન પટેલના અધ્યક્ષતામા સામાન્ય સભાની બેઠક યોજાઈ હતી. જેમાં પીવાના પાણીની વધતી જતી સમસ્યા અંગે વિસ્તૃત ચર્ચાઓ કરવામાં આવી હતી અને નગરમાં મળતો પાણી પુરવઠો આંતરા દિવસે આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.